**SET-4**

**Series SGN**

**Code No. 10**

Candidates must write the Code on the title page of the answer-book.

Roll No. | | | | | | | |

- આ પ્રશ્નપત્રમાં **8** પાના છે તે તપાસી લેવું.
- આ પ્રશ્નપત્રમાં જમણી બાજુએ આપેલો કોડ નંબર ઉમેદવારે પોતાની ઉત્તરવહીમાં અવશ્ય લખવાનો રહેશે.
- આ પ્રશ્નપત્રમાં **5** પ્રશ્નો છે તે તપાસી લેવું.
- **પ્રશ્નનો ઉત્તર લખતા પહેલા તેનો સિરિયલ નંબર અચૂક લખવો.**
- આ પ્રશ્નપત્ર વાંચવા માટે 15 મિનિટનો સમય ફાળવવામાં આવશે. 10.15 કલાકે પ્રશ્નપત્ર આપવામાં આવશે. 10.15 કલાકે નું 10.30 સુધી વિદ્યાર્થીઓ માત્ર આ પ્રશ્નપત્ર વાંચશે અને આ સમયના ઉત્તર પુસ્તિકામાં કોઈ ઉત્તર લખવા નહીં.
- Please check that this question paper contains **8** printed pages.
- Code number given on the right hand side of the question paper should be written on the title page of the answer-book by the candidate.
- Please check that this question paper contains **5** questions.
- **Please write down the Serial Number of the question before attempting it.**
- 15 minute time has been allotted to read this question paper. The question paper will be distributed at 10.15 a.m. From 10.15 a.m. to 10.30 a.m., the students will read the question paper only and will not write any answer on the answer-book during this period.

# ગુજરાતી

# GUJARATI

*સમય સીમા : 3 કલાક* | *કુલ અંક : 100*

*Time allowed : 3 hours* | *Maximum Marks : 100*

## SECTION A

### [ Advanced Reading Skills ]

**1.** નીચે આપેલો ગદ્યખંડ વાંચી, તેની નીચે આપેલા પ્રશ્નોનાં ઉત્તર લખો. *10*

બહુવિધ બુદ્ધિના સિદ્ધાંતના પ્રણેતા અમેરિકી મનોવિજ્ઞાની હોવાર્ડ ગાર્ડનર છે. એક દશકના સંશોધનજન્ય પ્રયાસો પછી ગાર્ડનરે *'Frames of Mind'* (1983) નામના પુસ્તકમાં બહુવિધ બુદ્ધિનો સિદ્ધાંત આપ્યો. ગાર્ડનરના મતે બુદ્ધિ એક નથી. એકથી વધુ ઘટકોનો સમૂહ છે. માટે તેના બુદ્ધિ અંગેના સિદ્ધાંતને 'બહુવિધ બુદ્ધિ' (Multiple Intelligence) ના સિદ્ધાંત તરીકે ઓળખવામાં આવે છે. બહુવિધ બુદ્ધિ એટલે – 'વ્યક્તિને વારસામાં પ્રાપ્ત એવી સુષુપ્ત શક્તિઓ અને ક્ષમતાઓનું સંયોજન જે કે અનુભવો દ્વારા વિવિધ રીતે વિકાસ પામે છે.' ગાર્ડનરના મતે બુદ્ધિને જીવશાસ્ત્રીય આધારો છે. તેથી બુદ્ધિ એ જીવશાસ્ત્રીય અને મનોવૈજ્ઞાનિક ક્ષમતા છે. તેણે વ્યક્તિના જીવશાસ્ત્રીય અને સાંસ્કૃતિક પરિવેશના સંશોધનજનિત જ્ઞાનના આધારે સાત પ્રકારની બુદ્ધિના સંયોજનવાળી બહુવિધ બુદ્ધિની સંકલ્પના આપી. સમયાંતરે ગાર્ડનરે તેમાં બીજા ત્રણ ઘટકોનો ઉમેરો પણ કર્યો છે.

પ્રશ્નો :

(1) બહુવિધ બુદ્ધિના સિદ્ધાંતના પ્રણેતા કોણ છે ? એમણે કેટલા સમયના સંશોધન પછી આ સિદ્ધાંત આપ્યો ?

(2) આ સિદ્ધાંતને બહુવિધ બુદ્ધિ તરીકે કેમ ઓળખવામાં આવે છે ?

(3) બુદ્ધિને જીવશાસ્ત્રીય ક્ષમતા કેમ કહી છે ?

(4) શેને આધારે બહુવિધ બુદ્ધિના પ્રકાર પાડવામાં આવ્યા છે ?

(5) આ ગદ્યખંડને યોગ્ય શીર્ષક આપો.

## SECTION B

**[ Effective Writing Skills ]**

**2.** (અ) નીચે આપેલા વિષયોમાંથી કોઈ પણ ***એક*** વિષય પર 250 શબ્દોમાં નિબંધ લખો. *8*

(1) જીવનમાં શિસ્તનું મહત્ત્વ.

(2) વર્ષાની પ્રથમ હેલી.

(3) શૈશવનાં સંસ્મરણો.

(બ) નીચે આપેલા મુદ્દાઓને આધારે વાર્તા રચો અને તેને યોગ્ય શીર્ષક આપો. *6*

બે દોસ્ત – એન્જિન ચાલકની નોકરી મેળવવી – આનંદમાં દિવસો વિતવા – બન્નેની અલગ અલગ ડ્યુટી – અકસ્માત નડવો – ગંભીર ઈજા થવી – બીજા મિત્રનું ડ્યુટી પરથી પાછા ફરવું – તેને મળવા જવું – સાંત્વન આપવું – મિત્રનો સામો જવાબ આપવો – હવે એક જ બૂટ ખરીદવાનો – પેલા મિત્રનું નિઃશબ્દ થઈ જવું – બોધ – શીર્ષક.

(ક) તમારી શાળાના વિદ્યાર્થી પૂર્વાયન જોશીની રણજીટ્રોફી માટે પસંદગી થવા બદલ તેને અભિનંદન આપતો પત્ર લખો. *6*

**અથવા**

તમે તમારા પરિવાર સાથે અઠવાડિયામાટે રાજસ્થાનના પ્રવાસે જવા માંગો છો. તે માટેની રજાઓ માંગતો પત્ર તમારા આચાર્યશ્રીને લખો.

## SECTION C

**[ Applied Grammar ]**

**3.** (ક) નીચેનાં વાક્યોનું સૂચના પ્રમાણે પરિવર્તન કરો. *3*

(1) ઓહો ! બુઢ્ઢાં માજી પણ એ તપાસમાં જોડાયાં ! (પ્રશ્ન વાક્ય બનાવો)

(2) પહેલીની પેઠે આ પાંચમીમાં પણ શેઠના દાંડિયા ગુલ.
(ઉદ્ગાર વાક્ય બનાવો)

(3) આટલાં પુણ્યે તો માનવીને મુક્તિ મળે. (પ્રશ્ન વાક્ય બનાવો)

(ખ) નીચે આપેલા શબ્દોના સમાનાર્થી શબ્દો લખો. *2*

(1) નૃપાલ

(2) અધુના

(3) અમી

(4) કૌતુક

(ગ) નીચે આપેલા શબ્દોના વિરોધી શબ્દો લખો. *1*

(1) શીતળ

(2) સૂકું

(ઘ) નીચે આપેલા વાક્યો લેખનરૂઢિ અને ભાષાશુદ્ધિની દૃષ્ટિએ સુધારી ફરીથી લખો. *3*

(1) મુંબઈમાં એલ્ફિન્સ્ટન્ટ કૉલેજમાંથી બદલી થઈ ગુજરાત કૉલેજમાં આવ્યો.

(2) મારી હાંસી ઉડાવી રહયા હતા ! મારા ખાદીનાં કપડાં.

(3) મોટર સાઈકલ વાળો કન્ટ્રોલ કરેએ પહેલાં જ શ્રુતિ અડફેટમાં આવી ગઈ.

(ચ) નીચે આપેલા રૂઢિપ્રયોગોનો અર્થ આપી વાક્યપ્રયોગ કરો. *3*

(1) વાત ગળે ઉતરવી.

(2) ધાડ મારવી.

(3) દરકાર કરવી.

(છ) નીચે આપેલી કહેવતોનો એક વાક્યમાં અર્થ લખો. *3*

(1) કમાઉ દીકરો કુટુંબને વહાલો.

(2) દૂધના દૂધમાં ને પાણીના પાણીમાં.

(3) અન્ન તેવો ઓડકાર.

(જ) નીચે આપેલા વાક્યોના સૂચના પ્રમાણે કાળ બદલો. *3*

(1) ચંદ્રવદન સિનિયર ટીમમાં ક્રિકેટ રમવા દાખલ થયા. (પૂર્ણ ભવિષ્યકાળ બનાવો.)

(2) શીલા અંગ્રેજી શીખશે. (ચાલુ વર્તમાનકાળ બનાવો.)

(3) પૂર્વ આકાશની શોભા સુંદર છે. (પૂર્ણ ભૂતકાળ બનાવો)

(ઝ) નીચે આપેલા શબ્દોનો સંધિ વિગ્રહ કરો. *2*

(1) બ્રહ્માસ્ત્ર

(2) અધોગતિ

## SECTION D

**[ Literature ]**

**4.** (અ) નીચે આપેલા વિધાનોમાંથી કોઈ પણ ***ચાર*** વિધાનના પૂર્વાપર સંબંધ આપો. *8*

(1) "તમારી પાસેથી પછી મારે એટલું જ જાણવાનું છે કે કોલકત્તાની બજારમાં તમે મારા નામે ઓળખાશો કે હું તમારા નામે !"

(2) "સાહેબ, ખાદી લજવતાં નહીં."

(3) "પહેલા માટલામાં પાણી ગાળી આપ."

(4) "તું રહેવા દે, ઈ તો મહેતાજી એકલા જ એને પૂરા પડે એમ છે."

(5) "કેમ ? લઈ ચાઈલા તારે ?"

(બ) નીચે આપેલા પ્રશ્નોમાંથી કોઈ પણ ***બે*** પ્રશ્નોનાં ઉત્તર સાત-આઠ વાક્યમાં લખો. *8*

(1) "કાંચન અને ગેરુ" વાર્તામાં લેખકે શેનો મહિમા વર્ણવ્યો છે. તે તમારા શબ્દોમાં લખો.

(2) માતા-પિતાની ભક્તિ અંગે ગાંધીજી શું વિચારે છે ?

(3) ગોરબાપાએ ઘેર પાછા ફરેલા કનુને ઉદ્દેશીને લખેલા પત્રનો સાર તમારા શબ્દોમાં લખો.

(ક) નીચે આપેલા પ્રશ્નોમાંથી કોઈ પણ ***બે*** પ્રશ્નોનાં ઉત્તર બે-ત્રણ વાક્યમાં આપો. *4*

(1) મુનિયા ગાંધીની કઈ સિફારીશને કારણે મામાજીએ લેખકને માફી આપી ?

(2) લેખકે પૃથ્વી, ચંદ્ર અને ગુરુ વિશેની કઈ માહિતી બાળકોને આપી ?

(3) લેખકને બે-ચાર દિવસ નોકર ન હોય તેવી સ્થિતિ શું કામ ગમે છે ?

5. (અ) નીચેનું કાવ્ય વાંચી, તેની નીચે આપેલા પ્રશ્નોનાં ઉત્તર તમારા શબ્દોમાં લખો. *6*

મેહુલો ગાજે ને માધવ નાચે,
રૂમઝૂમ વાજે પાય ઘૂઘરડી રે; મેહુલો.
તાલ-પખાજ વજાડે ગોપી,
વહાલો વજાડે વેણુ-વાંસલડી રે.
દાદુર-મોર-બપૈયા બોલે,
મધુરી શી બોલે કોયલડી રે; મેહુલો.
પહેરણ ચીર, ચરણા ને ચોળી,
ઓઢણ આછી લોખરડી રે.

ધન્ય જમુનાતટ, ધન્ય બંસીવટ,
ધન્ય ધન્ય આ અવતાર રે; મેહુલો.
ધન્ય નરસૈયાની જીભલડી જેણે,
ગાયો રાગ મલાર રે.

પ્રશ્નો :

(1) નાચવામાં કૃષ્ણને ગોપીઓ કેવી રીતે સાથ આપે છે ?

(2) કૃષ્ણ નાચે છે તે સમયે કોનો કોનો અવાજ સંભળાય છે ?

(3) આ કાવ્યમાં કયા રાગની વાત કરી છે ? તે શેને માટે ગવાય છે ?

(બ) નીચે આપેલા પ્રશ્નોમાંથી કોઈ પણ *બે* પ્રશ્નોનાં સવિસ્તાર ઉત્તર લખો. *8*

(1) કવિએ કયાં કયાં દૃષ્ટાંતો દ્વારા અજોડ માતૃપ્રેમ વર્ણવ્યો છે ?

(2) કવિ ‘સુન્દરમ્’ કયાં પ્રશ્નો દ્વારા પરમતત્ત્વનું અસ્તિત્વ પ્રકૃતિના તમામ તત્ત્વોમાં રહેલું છે. એમ કહે છે ?

(3) કવિએ કરેલા તડકાના વિવિધ રૂપોનું આલેખન તમારા શબ્દોમાં કરો.

(4) હેમેન શાહ આશાવાદી કવિ છે. એમ શા પરથી કહી શકાય ?

(ક) નીચે આપેલા પ્રશ્નોનાં ઉત્તર બે-ત્રણ વાક્યમાં લખો. *6*

(1) વગડામાં ફરતું ફરતું કોણ આવ્યું ? તેને શું જોઈતું હતું ?

(2) પ્રભુ ભક્તિ વગરના નિરર્થક જીવનને સાર્થક કરવા કવિ શું માંગે છે ?

(3) સમાજમાં કેવો ન્યાય પ્રવર્તે છે ? તે ઉદાહરણ દ્વારા સમજાવો.

(ડ) નીચેનામાંથી કોઈ પણ *એક* સર્જકનો પરિચય આશરે 200 શબ્દોમાં લખો. *10*

(1) ઉમાશંકર જોશી

(2) મનુભાઈ પંચોળી

(3) પ્રહ્લાદ પારેખ